મે.સુરતના એડી. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મું.સુરત

ક્રિમીનલ કેસ નંબરઃ- /૨૦૨૩
આંક-

ફરીયાદી :- ધી સ્ટેટ ઓફ ગુજરાત

**વિરૂધ્ધ**

આરોપી :-

**ગુનો :- ઈ.પી.કો. કલમ ૨૭૯ મુજબ**

**-:: ઠ રા વ ::-**

(૧) ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ પોતાના કબજા હવાલાવાળા વાહન ને પોતાની તથા રાહદારીઓની જીંદગી જોખમાય તે રીતે પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારીનેઆરોપી એ ઈ.પી.કો. કલમ ૨૭૯ મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલો છે.

(૨) આરોપી આજે અદાલતમાં હાજર થતા તેને પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવી છે અને આરોપીને ગુના બાબતે સમજ આપી પુછતા આરોપીએ પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ કરેલ છે અને આ બાબતે ગુના કબુલાતની પુરસીસ આપી ગુનો કબુલ હોવાનું સ્વીકારી અને તેઓ ગરીબ વર્ગના માણસ છે અને મજુરી કરીને પોતાના કુટુંબનું ગુજરાન ચલાવે છે. સમગ્ર કુટુંબની જવાબદારી તેમના શિરે છે. વધુમાં આરોપીએ જણાવેલ છે કે, તેઓનો આ પ્રથમ ગુનો છે અને ભવિષ્યમાં આ પ્રકારનો ગુનો નહી થાય તેની કાળજી રાખવાનું જણાવેલ છે આ સંજોગોમાં તેઓના પરત્વે દયા રાખી ઓછી સજા કરવા માટે વિનંતી કરેલી છે.

(૩) કેસની સમગ્ર હકીકતને લક્ષમાં લેતા અને આરોપીની ઉંમર, સ્થિતી, જવાબદારી, ગુનાના સંજોગો, ગુનાની ગંભીરતા તથા આરોપીની સ્વૈચ્છીક કબુલાત ધ્યાને લેતા તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદજીના, ૨૦૦૫ (૧) જી.એલ.આર પાન નંબર-૭૦૯ ના ચુકાદામાં આપેલ સમજુતી મુજબ આરોપીને કાયદામાં જણાવેલ સજા કરતા ઓછી સજા કરવામાં આવે તો ન્યાયનો વિશાળ હેતુ સચવાય તેમ છે.

(૪) વધુમાં ઉપરોકત તમામ સંજોગો જોતા આરોપી ઉપર દયા બતાવી હળવી સજા કરવા ખાસ અને પુરતા સંજોગો ગણી શકાય તેવા સંજોગો છે તેવુ આ કોર્ટનું નમ્રપણે માનવું છે. અને તે આધારે આરોપીની ગુનાની

કબુલાત તથા દયા અરજ ગ્રાહય રાખી હળવી સજા કરવામાં આવશે તો ન્યાય નો હેતુ જળવાશે તથા કાયદાનો સજા કરવા પાછળનો સુધારત્મક (રી–ફોરમેટીવ) હેતુ ને ધ્યાન માં રાખીને ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

<u>–:: હુ ક મ ::–</u>

➢ આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવીને તેઓની સામેના ઈ.પી.કો. કલમ–૨૭૯ મુજબ ના શિક્ષાને પાત્ર ગુના માટે રૂા.૨૦૦/– (અંકે રૂપિયા બસો પુરાનો) નો દંડ ફરમાવવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ના ભરે તો દિન–૭ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજ તારીખ ૦૯મી માહે સપ્ટેમ્બર સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૯/૦૯/૨૦૨૩
મુ.સુરત

( અમીત રમેશચંદ્ર ત્રિવેદી )
એડી. જયુ. મેજી. ફ. ક. સુરત.
કોડ નં. જીજે૦૧૩૬૬